# જીલ્લામાં રોગચાળા પ્રતિરોધક આર્યુવેદિક ઔષધ-ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૫

વાયરલ અને મચ્છરજન્ય રોગચાળો આજકાલ ખુબ વકર્યો છે. ગાંધીનગરમાં ચિકનગુનિયા, મેલેરીયા, વાઈરલ ફિવર તેમજ ચોમાસાની ઋતુજન્ય બિમારીને અટકાવવા માટે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા યોજાયેલા કેમ્પમાં આયુર્વેદ ઔષધિય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો ત્રણ હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો.





આયુર્વેદ ઔષધિય ઉકાળા વિતરણ કેમ્પ ગાંધીનગર શહેરમાં છ સ્થળોએ અને ગ્રામ્ય વિસ્તારમાં દસ સ્થળોએ યોજાયો હતો. શહેરમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સે. ૨૨ ખાતે યોજાયેલા કેમ્પમાં ૨૨૬, સરકારી આયુર્વેદ દવાખાનુ, સે. ૭ ખાતે ૧૪૮, અર્બન દવાખાનુ સે. ૨ ખાતે ૩૫૨, સિવિલ હોસ્પિટલ આયુર્વેદ રીચર્સ ઓપીડી, ગાંધીનગર ખાતે ૨૧૩, બોરીજ ગામ જૈન દેરાસરની આંગણવાડી ખાતે ૧૨૦ અને ધોળાકુવા આંગણવાડી ખાતે ૧૬૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જ્યારે કુડાસણ જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનુ, ખાતે ૨૧૦, સુઘડ પીએસસી ખાતે ૨૯૮, ઉવારસદ પીએસસી ખાતે ૧૦૨, કલોલ અર્બન હેલ્થ સેન્ટર, કલોલ શહેર ખાતે ૨૪૨, પાનસર હુડકો આંગણવાડી ખાતે ૧૯૫, બોરૂ ગામ સબસેન્ટર ખાતે ૨૦૧, પ્રાંતિયા પીએસસી ખાતે ૨૨૫, પેથાપુર અર્બન હેલ્થ સેન્ટર ખાતે ૧૩૦, મહુડી પીએસસી ખાતે ૯૬ અને દહેગામ પીએસસી ખાતે ૯૪ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો.

# બેફામ ગતિએ જતી ટ્રકે રસ્તો ક્રોસ કરતાં વૃધ્ધને કચડી માર્યો

## અડાલજ નર્મદા પુલ પર બનેલી ઘટના : ટ્રક મુકીને ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીકના અડાલજ પાસેથી બેફામ ગતિએ નીકળેલી ટ્રકે અડાલજ નર્મદા પુલ પર રસ્તો ક્રોસ કરી રહેલા ૬૧ વર્ષિય વૃદ્ધને ટાયર નીચે કચડી નાંખતા ઘટના સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યું હતું. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી આવી હતી. જો કે આરોપી ડ્રાઈવર સ્થળ પર ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી ફરાર ડ્રાઈવરને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્થિત બહુચર ચોક ખાતે રહેતા ૬૧ વર્ષીય વૃદ્ધ ડાહ્યાભાઈ કાલીદાસ પરમાર આજે બપોરના અરસામાં અડાલજ નર્મદા પુલ પરનો રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે દરમ્યાન હાઈવે પર સડસડાટ નીકળેલી ટાટા ટ્રક નં. જીજે-૧-સી.વાય. ૫૯૯૩ના ચાલકે વૃદ્ધને ટાયર નીચે ચગદી માર્યો હતો. વૃદ્ધને કચડીને ટ્રક ડીવાઈડર પર ચઢી ગઈ હતી. ડાહ્યાભાઈનું બનાવ સ્થળ પર કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ ટ્રક મુકીને ડ્રાઈવર રફુચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસ મથકના જમાદાર ભીખુભાઈએ ટ્રક ડ્રાઈવર વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તેને શોધી કાઢવા દોડધામ શરૂ કરી છે.

# ટ્રાફીક પોલીસે ગાળાગાળી કરતાં રિક્ષાચાલકો વિફર્યા : તોડફોડ

## ઘ-૩ પોઈન્ટ પર મુકાયેલા જમાદારનો પોઈન્ટ બદલી દેવાયો : બંધ આપવા છતાં રિક્ષા ફેરવનાર ચાલકની રિક્ષાના કાચ ફોડયા



ગાંધીનગર, તા.૫

શહેરના ઘ-૩ સર્કલ પાસે વાવોલ માટેના શટલીયા રિક્ષા સ્ટેન્ડ પર રિક્ષાવાળા સાથે વ્યવસ્થિત પાર્કિં કરવા સહિત અન્ય કેટલાક પ્રશ્નોને લઈને ઘ-૩ પોઈન્ટ પરના ટ્રાફીક પોલીસે ગાળાગાળી કરતાં રિક્ષા એસોસીએશન વિફર્યું હતું. તાત્કાલીક બંધનું એલાન આપી દઈને રજુઆત કરવા ટ્રાફીક પોલીસ સ્ટેશન પહોંચી જતાં ઘ-૩ પોઈન્ટ પરના જમાદારને બદલી દેવામાં આવ્યા હતા. સમાધાન થઈ જતાં સાંજે બંધ પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. બંધ દરમિયાન રિક્ષા ચાલુ રાખનારની રિક્ષાના ઘ-૫ પાસે કાચ તોડયા હોવાની પણ ઘટના ધ્યાને આવી હતી.

રિક્ષા સ્ટેન્ડ, ઘ-૩ સર્કલ પાસે આજે સવારે ટ્રાફીક પોલીસ અને રિક્ષાચાલકો આમને-સામને આવી ગયા હતાં. રિક્ષાચાલકોનો રોષ ભર્યો આક્ષેપ હતો કે કેટલીક પોલીસ તેની પાસે આવીને દમ મારી જાય છે કે મારા સગા પાસે ભાડા કેમ વસુલે છે.. બે-ત્રણ દિવસથી ચાલતી આ માથાકુટ બાદ આજે રિક્ષા સ્ટેન્ડ પર વ્યવસ્થિત રીતે લાઈન સર રિક્ષાઓ મુકાતી હોવા છતાં ઘ-૩ પર મુકાયેલા ટ્રાફીક પોલીસે દમ મારીને ગાળાગાળી કરી હતી. જેને પગલે રિક્ષાચાલકો ઉશ્કેરાયા હતા અને એસોસિએશને તાત્કાલિક બંધ આપી દેતા રિક્ષાના ટાયરો થંભી ગયા હતાં. રિક્ષા ચાલકો રિક્ષાઓ લઈ લઈને સે-૨૨ ટ્રાફીક પોલિસ સ્ટેશન રજુઆત અર્થે પહોંચી ગયા હતાં. ઉગ્ર રજુઆતોને સાંભળીને ગાળાગાળી કર્યાનો આક્ષેપ જે જમાદાર પર હતો તેને ઘ-૩ પોઈન્ટ પરથી લઈને બીજા પોઈન્ટ પર મુકી દેવામાં આવ્યો છે. અંતે સમાધાન થઈ જતાં સાંજે રિક્ષા એસોસિએશને બંધ પાછું ખેંચ્યું હતું.

# ગાંધીનગરના વેપારીઓ અને શિક્ષક સંઘ ગુજરાત બંધમાં નહીં જોડાય

ગાંધીનગર, તા. ૫

કોંગ્રેસ દ્વારા આવતીકાલે અપાયેલા ગુજરાત બંધના એલાનમાં ગાંધીનગરના વેપારીઓ નહીં જોડાય. વેપારીઓએ સર્વાનુમતે આ નિર્ણય લીધો છે.

ગાંધીનગરના જુદા જુદા વેપારી મંડળોએ ગુજરાત બંધના એલાનમાં નહીં જોડાવવાનો નિર્ણય કર્યો છે અને વેપારીઓને કોઈપણ પ્રકારના દબાણમાં નહીં આવી રોજગાર-ધંધા ચાલુ રાખવા અપીલ કરી છે. કાપડ એસોસીએશન, સે. ૨૧, ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર મરચન્ટ એસોસીએશન, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સે. ૨૧, શાકમાર્કેટ, સે. ૨૧, કમલમ શોપીંગ, સે. ૨૧ના વેપારીઓએ બંધમાં ન જોડાવવા માટેનું સમર્થન આપ્યું છે. વેપારીઓ આ બંધનો બહિષ્કાર કરશે.

આ ઉપરાંત ગુજરાતના વિવિધ શિક્ષક સંઘો પણ બંધમાં નહીં જોડાય. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ, ગુજરાત રાજ્ય આચાર્ય શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય બિન શૈક્ષણિક કર્મચારીસંઘની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે તા. ૬ સપ્ટેમ્બરના બંધના એલાનમાં કોઈપણ શિક્ષક ભાઈ-બહેનો જોડાવવાનું નથી અને આ બંધના કાર્યક્રમને કોઈપણ પ્રકારનો ટેકો આપવાનો નથી. શિક્ષકો અને શાળા કર્મચારીઓએ રાબેત મુજબ રજ પર હાજર રહી ફરજના ભાગરૂપે કામ કરવાનું રહેશે.



શિક્ષકો રાષ્ટ્ર ઘડતરના કાર્યને નિભાવી શકે એ માટે યુનિવર્સિટીએ આ વર્ષનાં અનેક વિષયોના પ્રશિક્ષણ વર્ગોનું આયોજન કર્યું છે. જુલાઈ ઓગસ્ટ ૨૦૧૩ દરમ્યાન અંગ્રેજી વિજ્ઞાન, ગુજરાતી વિષયના શિક્ષકોનું પ્રશિક્ષણ થઈ ચૂક્યું છે. આ માસની શરૂઆતમાં સંગીત વિષયનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો હતો. આ વર્ગમાં સંગીત માર્તંડયં જસરાજજીના પટ્ટ શિષ્ટ તથા ગાયક માલિની બહેન નાયક તજજ્ઞ તરીકે હાજર રહ્યા હતા. ચાર દિવસ સુધી કંઠ કેળવણીનું માર્ગદર્શન આપ્યું હતું. પરેશભાઈ નાયક હાજર રહ્યા હતા. કુલપતિ હર્ષદભાઈ શાહે હાજર રહી શિક્ષકોનો ઉત્સાહ વધારવા સાથે ગીતો પણ ગવડાવ્યા હતા.

# શ્રાવણના છેલ્લા દિવસે શહેરના શિવ મંદિરોમાં ભાવિકોની ભીડ જામી

## શિવાલયોમાં લઘુરુદ્ર, ભજન, મહાપૂજા સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૫

આજે શ્રાવણ મહીનાના છેલ્લા દિવસે શહેરના શિવાલયમાં ભોળાનાથની પૂજા અર્ચના માટે ભાવિકોની ભીડ જામી હતી. શિવ મંદિરોમાં અમાસના દિવસે લઘુરુદ્ર ભજનો-મહાપૂજા સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતાં.

પવિત્ર-શ્રાવણ મહિનાના પ્રારંભથી શહેરના શિવ મંદિરમાં ભાવિકોની ભીડ જોવા મળતી હતી. શ્રાવણ મહિના દરમિયાન શિવાલયોમાં વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમો યોજાતા નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. શિવ મંદિરોમાં રોજબરોજ શિવલીંગ પર બિલીપત્ર-દૂધનો અભિષેક કરવા માટે ભાવિકોની ભીડ જોવા મળતી હતી જયારે શ્રાવણના સોમવારે પણ શિવાલયોમાં બરફ અને 'ઘી'થી શિવલીંગ બનાવવાની સાથે ભજન-ધૂન અને ડાયરા સહીતના કાર્યક્રમોથી ભાવિકો શિવભકિતમાં તલ્લીન જોવા મળ્યા હતા. શ્રાવણ માસની પૂર્ણાહૂતિ નિમિત્તે આજે અમાસના દિવસે પણ શહેરના શિવમંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી. શ્રાવણ મહીનાના છેલ્લા દિવસે ભગવાન શિવની કૃપા દ્રષ્ટિ મેળવવા શિવ મંદિરોમાં લઘુરુદ્ર, ભજન તેમજ મહાપૂજા સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવ, સે-૨૧ વૈજનાથ મહાદેવ, સે-૬ ભુવનેશ્વર મહાદેવ, સે-૨૨ પંચદેવ મંદિર, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ શ્રાવણ માસના અંતિમ દિવસે ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળતો હતો. રાત્રિ દરમિયાન પણ મંદિરોમાં દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી.

# વાવોલમાં વિદ્યાર્થીઓ માટે શિક્ષક દિન સજારૂપ બન્યો !!

## શાળાની વિદ્યાર્થીનિઓને ફાળો ઉઘરાવવા માટે ઘરે-ઘરે જવાની ફરજ પાડવામાં આવી

ગાંધીનગર, તા. ૫

શહેરની શાળા-કોલેજોમાં શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમોની મજા લીધી હતી. બીજીતરફ વાવોલ સ્થિત એક શાળાના વિદ્યાર્થીઓ માટે શિક્ષક દિનનો દિવસ જાણે સજારૂપ બની ગયો હતો. શાળાના શિક્ષકો દ્વારા માસુમ વિદ્યાર્થીઓને શિક્ષક દિનનો ફાળા માટે ઘરે-ઘરે ઉઘરાણું કરવા જવાની ફરજ પાડી હતી. શાળાના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનિઓએ શિક્ષક દિનનો ફાળો લેવા આજે ઘરે-ઘરે દસ્તક દેતા રહીશોમાં પણ આક્રોશ પ્રવર્ત્યો હતો. એકબાજુ વિદ્યાર્થીઓની સલામતીને લઈ વાલીઓને તેમજ શાળા સંચાલકોને જાગૃત રહેવાની સુફીયાણી વાતો કરવામાં આવે છે. આવા સંજોગોમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સલામતીનો વિચાર કર્યા વગર ફાળો મેળવવા ધમકીભર્યા સૂરમાં આદેશ કરાતા સોસાયટીના શિક્ષિત સભ્યોમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો હતો. વિદ્યાર્થી વર્ગની સલામતીનો વિચાર કર્યા વગર ફાળો નહીં લાવો તો માર પડશે તેમ જણાવી શિક્ષકોએ માસુમ વિદ્યાર્થીઓને લાચાર સ્થિતિમાં મુકી દીધા હતા. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં લીધા વગર જોહૂકમી ચલાવતા શિક્ષકો સામે શિક્ષણ તંત્ર દ્વારા પણ યોગ્ય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# મહાનગર યુવા ભાજપના કન્વીનર સહકન્વીનરની નિમણુંક કરાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર ભાજપના પ્રમુખ નીતિનભાઈ પટેલ તથા યુવા મોરચાના પ્રમુખ પદ્મસિંહ ચૌહાણ દ્વારા ગાંધીનગર મહાનગર ખાતે યુવા મોરચાના વિવિધ સેલના કન્વીનર તેમજ સહ કન્વીનરની જાહેરાત કરવામાં આવી છે. ભાજપ મહાનગરનું માળખું ખુબ જ સક્ષમ બને તેવા પ્રયત્નથી કોઈને પણ અન્યાય ન થાય તેની ખાસ કાળજી રાખી આ નિમણુંકો કરવામાં આવી છે.

જેમાં મિડીયા સેલમાં કન્વીનર તરીકે નિખિલ સોની, રચનાત્મક સેલ કન્વીનર તરીકે ભરતભાઈ ઠક્કર, શિક્ષણ સેલ કન્વીનર તરીકે રાજેન્દ્ર કાઠીયા, સહ કન્વીનર તરીકે તેજસ ચૌધરી, આઈ.ટી. સેલ કન્વીનર તરીકે અર્પિત પટેલ, સહકન્વીનર તરીકે નિશાંત ભારદ્વાજ, સોશ્યલ મિડીયા સેલ તરીકે નિરવ પટેલ-કન્વીનર, સહકન્વીનર તરીકે વિરેન્દ્રસિંહ રાઠોડ, રોજગાર સેલ કન્વીનર તરીકે પ્રિયાંક ગજ્જર, સહ કન્વીનર તરીકે વિરલ પટેલ, ટ્રેનીંગ સેલમાં કન્વીનર તરીકે પાર્થ ઠક્કર, સહ કન્વીનર તરીકે ધવલ મહેન્દ્રભાઈ દવે, રમત ગમત સેલ કન્વીનર તરીકે જયપાલસિંહ વાઘેલા, સહકન્વીનર તરીકે રાશી પ્રતાપ તેમજ સાંસ્કૃતિક સેલ કન્વીનર તરીકે વિક્રમ દેસાઈ, સહ કન્વીનર તરીકે મેહુલ દેવેન્દ્ર સુખડીયાની નિમણુંક કરાતા મહાનગર ભાજપમાં આનંદની લાગણી પ્રવર્તી છે. તેમજ મહાનગર ભાજપની યુવા ટીમ વધુ મજબુત બની છે.

# વિકલાંગ સર્વાંગી વિકાસ ટ્રસ્ટ અંબાજીના પ્રમુખપદેથી ચંદ્રાબેન શ્રીમાળીનું રાજીનામું

ગાંધીનગર, તા.૫

વિકલાંગ સર્વાંગી વિકાસ ટ્રસ્ટ, અંબાજીના પ્રમુખ પદેથી માજી ધારાસભ્ય ચંદ્રાબેન શ્રીમાળીએ રાજીનામું આપ્યું છે. રાજીનામાનો પત્ર તા. ૩ સપ્ટેમ્બરના રોજ ચંદ્રાબેને રજી.એડીથી નાયબ શહેરી કમિશનરશ્રી પાલનપુર જિ. બનાસકાંઠાને મોકલી આપ્યો છે.

નાદુરસ્ત તબિયતના કારણે તેમજ ટ્રસ્ટના મહામંત્રી અને મેનેજીંગ ડીરેકટર ગણેશભાઈ માવજીભાઈ પ્રજાપતિની ટ્રસ્ટની માનહાની થાય-પ્રતિષ્ઠા જોખમાય તેવી ગેરકાનુની પ્રવૃત્તિઓથી નારાજ ચંદ્રાબેને રાજીનામું આપ્યું છે. ગણેશભાઈ પ્રજાપતિ હાલ નાણાંકીય ગેરરીતિના આરોપસર હિંમતનગર સબ જેલમાં છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૫૧

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

શુદ્ધ દેશી રોમાન્સ : ૯.૦૦, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

જંજીર: ૯.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫,

સત્યાગ્રહ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :

જંજીર : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

સત્યાગ્રહ ૧.૧૫, ૪.૧૫

### સૂર્યા, વાવોલચ

જંજીર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જંજીર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૮.૩૦, ૧૦.૪૫

રિદ્દીસ્ક : ૩.૪૫

શુદ્ધ દેશી રોમાન્સ : ૬.૦૦

: સ્ક્રીન-૨ :

શુદ્ધ દેશી રોમાન્સ : ૧૦.૧૫, ૮.૧૫, ૧૦.૩૦

રિદ્દીસ્ક : ૧૨.૩૦

જંજીર : ૩.૦૦, ૫.૪૫

: સ્ક્રીન-૩ :

રિદ્દીસ્ક : ૯.૩૦, ૧૧.૦૦

શુદ્ધ દેશી રોમાન્સ : ૧૨.૦૦, ૨.૩૦

સત્યાગ્રહ : ૫.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

જંજીર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિર સામે સેકટર-૬ /સી ખાતે ગાંધીનગર આયુર્વેદ મેડીકલ એસોસિએશન દ્વારા ચિકન ગુનિયા જેવા રોગના રક્ષણ માટે ઉકાળો વિના મૂલ્ય વિતરણ કાર્યક્રમ સવારે ૮.૦૦ થી ૧૦ કલાક સુધી.

### ભજન સંધ્યા

- રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ. અમૃતલાલ એલ. જોષીને ભાવાંજલિ રૂપે સેકટર-૭ લગ્નવાડી ખાતે વિજયભાઈ ભરાડના ભજનનો કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે

## આપની આજ

**મેષ** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ બની રહ્યા છે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. આપને વિરોધીઓ હેરાન-પરેસાન કરી શકે છે.

**વૃષભ** : રાજકીય અને સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. આપના ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારના કારણે લાભ પ્રાપ્ત થવાની શકયતાઓ છે. વેપાર સારો ચાલશે.

**મિથુન** : શુભ મંગળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે. સંતાનપક્ષ તરફથી શુભ સમાચાર પ્રાપ્ત થશે. મનોરંજન સંબંધી કાર્ય થશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યયનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગની ઉપલબ્ધિ.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આર્થિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળવાની સંભાવના છે.

**કન્યા** : વાહન સુખ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકશે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાની સંભાવના.

**તુલા** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થવાની સંભાવના છે. વેપાર, કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ થઈ શકે છે.

**વૃશ્ચિક** : આવકનાં સ્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાની સંભાવના છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે. ભાગ્યવર્ધક કાર્યો સફળ થઈ શકશે.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. કાર્ય યોજના પર અમલ કરવો જરૂરી. સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતન થઈ શકશે. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : સ્વાધ્યાયમાં રુચિ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં ગહન શોધ સંબંધી કાર્યો થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકશે. ધાર્મિકક્ષેત્રમાં આસ્થા વધશે.

**મીન** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવનાઓ છે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. મંગાભાઈ બબાભાઈ પારેખ (ઉ.વ. ૭૮) મહાલક્ષ્મી -૨, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચૂનાભાઈ ભીખાભાઈ દંતાણી (ઉ.વ. ૭૫) મુ.પો. લેંકાવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. દીવાબેન મોતીરામ પ્રજાપતિ (ઉ.વ. ૯૨) બ્લોક નં. ૬૯૦/૨, સેકટર-૮, ગાંધીનગર.